સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત રૂ.પાંચ લાખ સુધીના ખર્ચવાળા નાના તળાવો લોકભાગીદારી ૯૦:૧૦ના ધોરણે તથા રૂ.પાંચ લાખથી વધારે અને રૂ.પચ્ચીસ લાખ સુધીના ખર્ચવાળા મોટા તળાવો ઉંડા કરવાની નીતિ અંગે.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ,
**આદેશ ક્રમાંક: એસ.૨૦૦૮/૯૨૦/(૨)/પાર્ટ ફાઇલ.૨/ક.૩,**
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૧/૨૦૧૦.

વંચાણે લીધા:- (૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો આદેશ ક્રમાંક:એસ.૨૦૦૮/૯૨૦/(૨)/પા.ફા.૨/ક.૩, તા.૧૧/૧૧/૦૯.

**આમુખ :-**

ઉપરોકત વિષયે સંદર્ભ હેઠળના તા.૧૧/૧૧/૦૯ના સરકારશ્રીના આદેશથી જાહેર કરેલ તળાવો ઉંડા કરવાની સામાન્ય નીતિના મુદ્દા નં.બ-૩માં વહીવટી અને તાંત્રિક મંજુરીના અંદાજો તૈયાર કરવા માટે કરેલ જોગવાઇ અંગે છે. તેમાં કામગીરીના ઝડપી અમલ અને ચોમાસા પહેલા કામ પૂર્ણ કરી શકાય તે સંદર્ભે મુદ્દા નં.૩-બ.ની સુચવેલ માર્ગદર્શક સુચનમાં નીચે મુજબ સુધારો / સ્પષ્ટતા કરવામાં આવે છે.

**"હયાત તળાવોના ઉંડા ઉતારવા માટે લંબાઇ×પહોળાઇ×ઉંડુ કરવાની ઉંડાઇના આધારે માટીકામના જથ્થાની ગણત્રી કરીને અંદાજો બનાવી સક્ષમ સ્તરેથી મંજુરી મેળવી ટેન્ડર મંગાવી શકાશે. પરંતુ તળાવ ઉંડુ ઉતારવાની કામગીરી શરૂ કરતા પહેલા પ્રારંભિક લેવલ્સ અને કામગીરી પૂર્ણ / આખરી થયે અંતિમ લેવલ્સ નીતિમાં સુચવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે."**

ઉપરોકત સુધારો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (જ.સં.)ની તા.૧૨/૧/૨૦૧૦ના રોજ મળેલ મંજુરીના સંદર્ભમાં જાહેર કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી. જી. દેસાઇ)
ઉપસચિવ (ઉ.ગુ.),
નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ.

**પ્રતિ,**

- મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી જરૂરી કાર્યવાહી સારુ
- મુખ્ય ઇજનેર (મ.ગુ.) અને અધિક સચિવશ્રી જરૂરી કાર્યવાહી સારુ
- મુખ્ય ઇજનેર (સૌ.) અને અધિક સચિવશ્રી જરૂરી કાર્યવાહી સારુ
- મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી જરૂરી કાર્યવાહી સારુ
- મુખ્ય ઇજનેર (પં.) અને અધિક સચિવશ્રી જરૂરી કાર્યવાહી સારુ

**નકલ રવાના:-**

- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- નાણા સલાહકારશ્રી (સિં.યો.), ન.જ.સં.પા.પૂ. અને ક. વિભાગ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની ફાઇલ/ક.૩.
- સીલેકટ ફાઇલ.